# ચિલોડા સર્કલ પાસે સર્વિસ રોડ ચિંથરેહાલ વાહનચાલકો ત્રસ્ત

**ટુંકા સમયગાળામાં જ સર્વિસ રોડની દશા ખરાબ થતા સ્થાનિકોમાં આક્રોશ ત્વરિત પેવર કામ હાથ ધરવા માટે રજુઆત**

ગાંધીનગર તા ૩

ચિલોડા સર્કલ પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે ટ્રાફિકને અનુલક્ષી લાંબા સમય બાદ આ સર્કલ પર ઓવર બ્રિજનુ નિર્માણ કરાયુ છે જેના લીધે હાલ ટ્રાફિકની અવરજવર સરળ બની છે પરંતુ ઓવર બ્રિજને અનુલક્ષી તૈયાર કરાયેલા સર્વિસ રોડની હાલત ચિથરેહાલ બની છે જેના લીધે વાહનચાલકો તોબા પોકારી ગયા છે. સ્થાનિકોએ ત્વરિત અસરથી સર્વિસ રોડના ગાબડા પુરવા માટે પ્રબળ માંગણી કરી છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ સુધારણાના કામો સમયાંતરે હાથ ધરવામાં આવે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં અન્ડર પાસ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે શહેર આસપાસના રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. એકબાજુ ચિલોડા સરખેજ હાઈવે માર્ગનુ પણ કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષી રૂટમાં ૧૧ જેટલા ફ્લાય ઓવરનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. અત્યર સુધીમાં પ ફ્લાય ઓવરનુ લોકાર્પણ પણ કરી દેવાયુ છે. શહેરના પ્રવેશદ્વાર પાસે ઈન્ફોસીટી તેમજ સરગાસણ ફ્લાય ઓવર પણ તૈયાર કરી દેવાતા આ માર્ગ પર હાલ સડસડાટ વાહનો દોડતા નજરે પડે છે. બીજીતરફ ચિલોડા સર્કલ પર પણ લાંબા સમયથી બ્રિજ તૈયાર કરી દેવાયા બાદ ટ્રાફિક જામની સમસ્યા હલ થઈ ગઈ છે. પરંતુ બ્રિજ આસપાસના સર્વિસ રોડની દશા અત્યંત ખરાબ છે જેના લીધે સર્વિસ રોડ પરથી પસાર થતા વાહન ચાલકો તોબા પોકારી ગયા છે. વરસાદી દિવસોમાં આમ પણ ઉબડ ખાબડ સર્વિસ રોડ પર પાણી ભરાઈ જાય છે. ટુંકા સમયગાળામાં જ આખો સર્વિસ રોડ ચિથરેહાલ બની ગયો છે. જેના લીધે સ્થાનિકોને પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સર્વિસ રોડની દશા સુધારવા માટે ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ સ્થાનિકોએ કરી છે.




# માર્ગ મકાન વિભાગના રોજમદારોને ૩ મહીનામાં તમામ લાભો આપવા હાઈકોર્ટનો આદેશ

**વિભાગના વિવિધ ડિવીઝનમાં વર્ષોથી ફરજ બજાવતા ૧૪ રોજમદારો વતી વકીલ વિધી જયંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર તા ૩

માર્ગ મકાન વિભાગના વર્ષોથી કામ કરતા કાયમી રોજમદારોએ વિવિધ સરકારી ભથ્થા અને લાભો અને ઉચ્ચતર પગાર ધોરણ માટે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી હતી જે અન્વયે હાઈકોર્ટે આ રોજમદારોને આગામી ત્રણ માસના સમયગાળામાં લાભો ચુકવી આપવા માટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર માર્ગ મકાન વિભાગના જુદા જુદા ડિવીઝનમાં છેલ્લા ત્રીસ વર્ષથી કાર્યરત કાયમી રોજમદારો ભગવાન ભુલાજી ઠાકોર તેમજ અન્ય ૧૪ કર્મચારીઓએ દોલતભાઈ પરમાર કમિટીની ભલામણોના આધારે તા ૧૭ ઓકટોબર વર્ષ ૧૯૮૮ ના ઠરાવ અન્વયે તમામ લાભો ચુકવવા માટે ખાતામાં રજુઆત કરી હતી. જાહેર રજાઓ, વાહન ભથ્થુ, લીવ ટ્રાવેલ , કન્સેશન, પાંચમા પગાર પંચના તફાવતની રકમ, નિવૃતિના સમયે જમા રજાનુ રોકડમાં રૂપાંતરનો લાભ , પેન્શન, ગ્રેજ્યુઈટીનો લાભ સહીત ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટના પ્રસિધ્ધ થયેલા ચુકાદાઓ મુજબના લાભો મેળવવા માટે રીટ પીટીશન દાખલ કરી હતી.

આ પીટીશનની બન્ને પક્ષકારોની રજુઆતને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તિ એ એચ સુપૈયા દ્વારા તા ૨૫ ઓગષ્ટ વર્ષ ૨૦૨૧ ના રોજ કાયમી રોજમદારોને તા ૧૭ ઓકટોબર વર્ષ ૧૯૮૮ ના માર્ગ મકાન વિભાગના ઠરાવ મુજબ આગામી ત્રણ મહીનામાં તમામ લાભો ચુકવી દેવા માટે આદેશ કર્યો છે. આ કેસમાં અરજદાર તરીકેના વકીલ તરીકે વિધી જયંત ભટ્ટ દ્વારા કરવામાં આવેલી રજુઆતોને ગુજરાત હાઈકોર્ટે સ્વીકારી સરકારના માર્ગ મકાન વિભાગ તેમજ તેના અન્ય ડિવીઝનમાં કાયમી રોજમદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને તે મુજબના લાભો ત્રણ માસમાં ચુકવી દેવા આદેશ કર્યો છે. આ કેસમાં તમામ ૧૪ અરજદારો તરફે વકીલ વિધી જયંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# કરીયાવરમાં વોશીંગ મશીન અને ગાડી માટે બે લાખની માંગ કરતા સાસરીયાઓ સામે ફરીયાદ

**મેણા-ટોણા મારી શારીરીક-માનસિક ત્રાસ આપતા પતિ, સાસુ-સસરા અને ત્રણ નણંદ સામે પોલીસ ફરીયાદ**

ગાંધીનગર,તા.૩

શહેરની યુવતિ પાસે સાસરી પક્ષના સભ્યો મેણા-ટોણા મારી શારીરીક-માનસિક ત્રાસ આપી કરીયાવરમાં વોશીંગ મશીન અને ગાડી લેવા માટે રૂ.૨ લાખની માંગ કરતા સાસરી પક્ષના ૬ સભ્યો સામે યુવતિએ પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૯ ખાતે છેલ્લા દોઢ વર્ષથી યુવતિ પોતાના માતા-પિતા સાથે રહે છે. જયારે યુવતિએ એમ.કોમ બીએડ સુધીનો અભ્યાસ કર્યો છે. યુવતિના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ વર્ષ ૨૦૧૭માં સાબરકાંઠાના પુસરી ગામના યુવક મયંક પ્રજાપતિ સાથે થયા હતા. યુવતિને લગ્ન જીવન દરમિયાન એક દિકરીનો જન્મ થયો હતો. જયારે યુવતિનો પતિ તલોદ પાસે માધવગઢ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. જયારે તલોદ રોયલ પાર્ક મકાન નં.બી.૧૪ ખાતે સંયુકત પરિવારમાં રહેતા હતા. એક વર્ષ સુધી ઘર સંસાર સારી રીતે ચાલ્યો હતો. ત્યારબાદ પરિણિતાના પતિ ટયુશન કલાસ અને ત્યાંથી સીધા નોકરી જતા હતા. જયારે સસરા પણ નોકરી કરતા હોવાથી ઘરે માત્ર સાસુ અને પરિણિતા રહેતા હતા. ઘરકામ અંગે નાનીનાની વાતમાં ટકોર કરતા હતા. તે ઉપરાંત નાના-મોટા ઝઘડા કરવા લાગ્યા હતા. પરંતુ નવા લગ્ન હોવાથી પરિણિતા ચુપચાપ સહન કરતી હતી. ત્યારબાદ તો સાસુ નો પક્ષ લઈ સસરા પણ પરિણિતાને મેણા-ટોણા મારતા હતા. આ અંગે પરિણિતાએ પતિને વાત કરતા તે પણ જેમ ફાવે તેમ બોલતા હતા. જેથી પરિણિતાની હાલત કફોડી બની હતી. દિકરીના જન્મ બાદ ટયુશન કરાવી પૈસા કમાઈને તેમને આપવા માટે દબાણ કરતા હતા. ત્યારબાદ પતિ પણ ગળુ દબાવી લાફા મારતા હતા અને જાનથી મારી નાંખવાનું



## સે.૨ના નવનિર્મિત બગીચાના પ્રવેશદ્વારે કચરાના ઢગ..!!

શહેરમાં કચરાનું કમઠાણ ચાલી રહ્યું છે જેના કારણે ઠેર ઠેર જાહેર સફાઈમાં પણ લાલિયાવાડી જોવા મળી રહી છે. શહેરના સે.૨માં નવનિર્મિત બગીચાના પ્રવેશદ્વારે છેલ્લા ઘણા દિવસથી વૃક્ષો અને છોડના ટ્રીમીંગ બાદ જમા થયેલો કચરો ઉપાડવામાં આવ્યો નથી જેના કારણે સુંદર બગીચાના પ્રવેશદ્વારે જ "સોનાની થાળીમાં લોઢાની મેખ જેવો ઘાટ" સર્જાયો છે અને બગીચામાં તાજી હવા લેવા આવતા વસાહતીઓને સૌથી પહેલાં પ્રવેશદ્વારે કચરાના ઢગ પાસેથી પસાર થવું પડી રહ્યું છે.

# ફતેપુરા ગામે ખેતરમાં જંતુનાશક દવાની અસરથી સિવિલમાં સારવાર હેઠળ યુવકનું મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા ફતેપુરા ગામમાં ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી વખતે ઝેરી દવાની અસર થતા ૨૦ વર્ષિય યુવાનને થોડા દિવસ અગાઉ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે એડમીટ કરવામાં આવ્યો હતો. આ યુવાનનું આજરોજ સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ પેથાપુર પોલીસ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરના ફતેપુરા ગામમાં રહેતા ૨૦ વર્ષિય યુવક રોહિત ગોપાલજી ઠાકોર ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૭ ઓગસ્ટના રોજ રોહિત ફતેપુરા ગામમાં ખેતરમાં દવા છાંટી રહ્યો હતો તે દરમિયાન તેને જંતુનાશક દવાની અસર થતા તે ખેતરમાં જ ઢળી પડ્યો હતો. જેથી ખેતરમાંથી યુવકને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલ તેમજ ત્યારબાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયો હતો. રોહિતની હાલત નાજુક હોવાથી તેને આઈસીયુ વોર્ડમાં સારવાર માટે લઈ જવાયો હતો. ૬ દિવસ સુધી સઘન સારવાર બાદ પણ રોહિતની તબિયતમાં કોઈ સુધારો જણાયો ન હતો.જયારે આજે શુક્રવારના રોજ સારવાર દરમિયાન રોહિતનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત વિજ્ઞાન ઉત્સવનું ઉદ્ઘાટન

**ગુજકોસ્ટ દ્વારા રાજ્યના મહત્વના ઇન્સ્ટિટ્યુટ સાથે સાયન્સ સિટી ખાતેથી ઓનલાઇન આયોજન**

ગાંધીનગર તા.૦૩

દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા.૧૨મી માર્ચે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનૉલોજી પ્રોગ્રામ દ્વારા એસટીપીના વિજ્ઞાન ઉત્સવનું ઉદ્ઘાટન તા.૨જી સપ્ટેમ્બરના રોજ એમપી કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનૉલોજી ભોપાલની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. આ મહિનાની થીમ ‘એસટીઆઈ ઈન્સ્ટિટ્યૂશન એટ ધ સ્ટેટ લેવલ’ના અનુસંધાનમાં ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનૉલોજી વિભાગ અંતર્ગત કાર્યરત ગુજકોસ્ટ દ્વારા રાજ્યના મહત્વના ઈન્સ્ટિટ્યુટ સાથે તા.૩જી સપ્ટેમ્બરના રોજ ૧૧ કલાકે એસટીઆઈ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્ટેટ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઓનલાઈન કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ અગ્રણી ઈન્સ્ટીટ્યુટના ડાયરેકટર્સ દ્વારા તેમની પ્રતિસ્ઠિત સંસ્થાનું રાજય અને દેશની એસટીઆઇ ઈકો સિસ્ટમમાં યોગદાન વિષે રજૂઆત કરાઈ હતી.આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ, શિક્ષકો, જેતે સંસ્થાની ફેકલ્ટીઝ, કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર અને ૨૯ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશના સ્ટેટ એસએન્ડટી કાઉન્સીલ સાથેના સભ્યો પણ જોડાયા હતા. ગુજકોસ્ટ યુટ્યુબ ચેનલ દ્વારા ગૂગલ મીટ પ્લેટફોર્મ પર યોજાયેલ લાઈવ સ્ટ્રીમીંગને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કુ.ગાર્ગી જૈન ,આઈએએસ , મિશન ડાયરેકટર, જીએસબીટીએમ ,ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલૉજી, ગુજરાત સરકાર, તથા ઈસરો સ્પેસ એપ્લિકેશન સેન્ટર ના ડાયરેકટર ડો. નિલેષ દેસાઈ, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના ડાયરેકટર ડો. અનિલ ભારદ્વાજ, નાઈપર ગાંધીનગરના ડાયરેકટર ડો. કિરણ કાલિયા, આઈક્રિએટના સીઈઓ ડો.અનુપમ જલોટે, સીએસએમસીઆરઆઈ ભાવનગરના ડાયરેક્ટર ડો. કાનન શ્રીનિવાસન, આઈઆઈપીએચ જીના ડાયરેકટર ડો.દિલિપ માવલંકર, નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના ડાયરેકટર ડો. વિપિન કુમાર જોડાયા હતા. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નરોત્તમ સાહુ દ્વારા ગુજકોસ્ટ વતી મુખ્ય અતિથિ અને વિવિધ સંસ્થાના ડાયરેકટર, ફેકલ્ટીઝ તથા વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુ.ગાર્ગી જૈને જણાવ્યું કે “ગુજરાત વિવિધ ક્ષેત્રમાં આગળ છે અને ડિપાર્ટમેંટ ઓફ સાયન્સ એન્ડ ટેકનૉલોજી વૈજ્ઞાનિક અભિગમ વિકસાવા તથા ટેકનૉલોજી દ્વારા દેશની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં સહોયોગી થવામાં અને રાજ્યને આર્થિક અને વૈજ્ઞાનિક રીતે મજબૂત બનાવવામાં સતત કાર્યશીલ છે. ગુજકોસ્ટ દ્વારા કમ્યુનિટી સેન્ટર અને સાયન્સ કલબના નેટવર્ક દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવવા અને સામાન્ય લોકોને વિજ્ઞાન તરફ જોડવા કાર્યરત છે.’’ તેમણે ગુજકોસ્ટ નેટવર્ક દ્વારા સફળ પ્રોગ્રામનું આયોજન કરવા બદલ અભિનદન પાઠવ્યા તથા ટેકનૉલોજી ડેવલોપમેન્ટ સાથે જોડાયેલ વિવિધ સંસ્થાઓના યોગદાનને પણ બિરદાવયુ હતું.




## સોમવારે સે.પમાં કોવિડ રસીકરણ કેમ્પનું આયોજન

ગાંધીનગર મહાનગર પાલિકા અને સેકટર-૫ વસાહત મંડળના સંયુક્ત ઉપકમે કોવિડ રસીકરણ કાર્યક્રમનું આયોજન તા ૬ઠ્ઠી સપ્ટેમ્બર સોમવારે સવારે ૯.૩૦થી બપોરે ૨.૩૦ કલાકે સેકટર-પમાં સરકારી દવાખાને કરવામાં આવ્યું છે જેમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ વસાહતીઓ કોવિશિલ્ડ વેક્સિનેશનનો લાભ લઈ શકશે. દરેક લાભાર્થીએ આધાર કાર્ડ કે પાનકાર્ડ ની ઝેરોક્ષ કોપી સાથે લઈ જવા જણાવાયું છે. ગાંધીનગર શહેર અને સેકટર -પના વસાહતીઓ જેઓને વેક્સિનેશન બાકી હોય તેમણે લાભ લેવા સે.૫ વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ જણાવ્યું છે.



કો’કવાર ધારાધોરણ સાચવતો ચીલાચાલુ ચાલ્યા આવતા મારગને અનુસરવાની સાથે સાથે ઉપર પણ નજર કરી લેવી શું ખબર દૃષ્ટિ સાથે દૃષ્ટિકોણ પણ ઉન્નત બને..!

### વરસાદ વરસશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદના ઝાપટા વરસશે. તા ૧૧ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન હળવા વરસાદી ઝાપટા વરસશે. જેમાં તા ૧૭ થી ૨૧ માં પણ ભારે વરસાદી ઝાપટા વરસશે સપ્ટેમ્બર તા ૨૭ થી તા ૫ ઓકટોબર દરમિયાન પણ કેટલાક ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદ થશે દરિયાકીનારે પણ પવન ફુંકાશે તા ૮ ઓકટોબરથી દરિયામાં હવાના ૨ળવા દબાણ ઉભા થવાથી દરિયા કીનારે ભારે પવન ફુંકાય તા ૧૬ સપ્ટેમ્બરથી ૧૭ ઓકટોબર વચ્ચે ભારે ગરમી પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીને પાર થઈ જશે. ગાંધીનગર અમદાવાદમાં પણ તા ૬ થી ૧૦ અને તા ૧૧, ૧૨ સપ્ટેમ્બર દરમિયાન હળવા ભારે ઝાપટા સાથે સારો વરસાદ થવાની સંભાવના છે. જળદાયક તેમજ વાયુવાહક નક્ષત્ર નાડીના તેમજ વરસાદના અન્ય સંજોગોના આધારે આ આગાહી તેમણે કરી છે.

### ભારે તબાહી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાત કરી છે. ન્યુયોર્કમાં એફડીઆર ડ્રાઈવ અને બોક્સ રિવર પાર્ક બુધવારે મોડી રાત સુધી જલમગ્ન હતા. સબવે સ્ટેશનો અને રેલવેના પાટાઓ પર પાણી ફરી વળ્યા, જેના કારણે મેટ્રોપોલિટન ટ્રાન્પોર્ટેશન ઓથોરિટીની સેવાઓને સ્થગિત કરી દેવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં દેખાય છે કે શહેરમાં તથા આસપાસના વિસ્તારમાં કેટલી ભયંકર સ્થિતિનું નિર્માણ થયું છે. લોકોના ઘરોની બારીઓ સુધી પાણી પહોંચી જવાના કારણે તેમના જીવ અધ્ધર થઈ ગયા હતા. આવામાં કચરો પણ રસ્તા પર ભરાયેલા પાણીમાં ફરી વળ્યો છે. બીજી તરફ આ કપરી પરિસ્થિતિમાં પોતાનો જીવ બચાવવા માટે વલખા મારતા ૪૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. પાણીમાં ફસાઈ જવાના કારણે આ લોકોના મોત થઈ ગયા છે. જેમાં એક બેઝમેન્ટમાં ફસાઈને મરી ગયેલા ૮ લોકોની ઘટનાએ બધાને હચમચાવી દીધા છે. આવી સ્થિતિમાં નીચાણવાળી જગ્યાઓ પરથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. આ ખતરનાક પરિસ્થિતિમાં લોકોને જરુર વગર બહાર ના નીકળવાની અને રસ્તા પર ગાડી ના દોડાવવાની સલાહ સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવી છે.

### આશ્વાસન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વાસ આપવાનો પ્રયાસ કર્યો છે કે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધના ષડયંત્ર માટે નહીં થાય.તાલિબાન અને ચીનના નજીકના સંબંધો અંગે ખુલાસો કર્યો છે. મુઝાહિદે કહ્યું હતું- અફઘાનિસ્તાનની ઈકોનોમી ઘણી જ ખરાબ હાલતમાં છે. અમારે દેશ ચલાવવા માટે ફંડ્સની જરૂરિયાત છે. હાલ અને શરૂઆતી તબક્કામાં અમે ચીનની મદદથી આર્થિક સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તાલિબાને ૧૫ ઓગસ્ટે કાબુલ પર જીત મેળવી એ સાથે જ આખા દેશ પર કબજો જમાવી લીધો. ૩૧ ઓગસ્ટ સુધીમાં તમામ વિદેશી સૈનિક અફઘાનિસ્તાન છોડીને જતા રહ્યા. એ બાદ અફઘાનિસ્તાનના તમામ ફોરેન ફંડ્સને અમેરિકા અને બીજા પશ્ચિમી દેશોએ ફ્રીઝ કરી દીધાં. ચીન આ તકનો લાભ ઉઠાવતા જોવા મળી રહ્યું છે. એક સવાલના જવાબમાં મુઝાહિદે કહ્યું- ચીન અમારો સૌથી વિશ્વાસપાત્ર સહયોગી છે. તેઓ અમારા માટે બુનિયાદી અને સારી તક લાવી રહ્યા છે. ચીને વાયદો કર્યો છે કે અફઘાનિસ્તાનમાં ઈન્વેસ્ટમેન્ટ કરીને તેઓ તેને ફરીથી ઊભું કરશે. સિલ્ક રૂટથી તેઓ વિશ્વમાં પ્રભાવ વધારવા માગે છે. આ રૂટથી અમે પણ દુનિયા સુધી અમારી પહોંચ બનાવી શકીએ છીએ. અમારા દેશમાં તાંબાની ખાણ છે. ચીન તેને આધુનિક રીતે ફરીથી શરૂ કરશે. અમે દુનિયાને અમારું તાંબું વેચી શકીશું. તાલિબાનરાજમાં મહિલાઓની સ્થિતિના સવાલ પર જબીઉલ્લાહે કહ્યું- અમે વાયદો કરી ચૂક્યા છીએ કે તેમને પણ શિક્ષણનો હક્ક મળશે. તેઓ નર્સ, પોલીસ કે મંત્રાલયમાં કામ કરી શકશે, પણ તેમને મંત્રી નહીં બનાવવામાં આવે. ચીને જે કહ્યું છે એ મુજબ તે તાલિબાન સાથે મિત્રતા ઈચ્છે છે, જેથી ઝિઝિંયાંગ પ્રાંતમાં આતંકી ગ્રુપ્સની એક્ટિવિટીને રોકી શકે. ચીનના વિદેશમંત્રીની બરાદરથી મીટિંગ દરમિયાન પણ ઉઈગર આતંકીઓનો મુદ્દો ઊઠ્યો હતો. વિદેશમંત્રી વાંગ યીએ તો કહ્યું પણ હતું કે તાબિલાનને ઈ્ંસ સાથેના તમામ સંબંધો તોડવા પડશે. આ સંગઠન ચીનની રાષ્ટ્રીય સુરક્ષા અને ક્ષેત્રીય અખંડતા વિરુદ્ધ સીધો જ ખતરો છે. આ પશ્ચિમી ચીનમાં ઉઈગર ઈસ્લામિક ચરમપંથી સંગઠન છે. આ સંગઠન ચીનના ઝિઝિયાંગને ઈસ્ટ તુર્કિસ્તાન તરીકે સ્વતંત્ર કરાવવાની માગ કરે છે. ૨૦૦૨થી ઈ્ંસ્નેંદ્ર સિક્યોરિટી કાઉન્સિલ અલકાયદા સેકશન્સ કમિટીના આતંકી સંગઠન તરીકે લિસ્ટમાં નાખ્યું હતું. જોકે અમેરિકાએ ૨૦૨૦માં આ સંગઠનને આતંકી સંગઠનોની યાદીમાં બહાર કર્યું છે, જેનાથી બંને દેશો વચ્ચેના ટ્રેડવોરે એક અલગ જ વળાંક લીધો હતો.

## ડીસા નગરે જૈન ધર્મના પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ મહા પર્વનો શુભારંભ

ધર્મ નગરી ડીસા નગરે ભક્તિમય માહોલમાં પર્યુષણ મહા પર્વનો આજે શુક્રવારથી શુભારંભ થયો છે.ત્યારે નગરના વિવિધ ઉપાશ્રયોમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.આચાર્ય ભગવંતોની નિશ્રામાં વ્યાખ્યાન માળા યોજાઈ હતી , જેનો જૈન શ્રાવક શ્રવિકાઓએ ઉલ્લાસભેર લાભ લીધો હતો અને ભગવાન મહાવીરની વિશેષ પૂજા અર્ચના કરી હતી. પર્યુષણ પર્વના પ્રથમ દિવસે નગરના દેરાસરો અને ઉપાશ્રયોમાં જૈન શ્રાવક શ્રવિકાઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. જૈન સમાજમાં અનેક તહેવારો અને ઉત્સવો આવે છે. પણ તેમાં વિશેષ મહત્વ પર્વાધિરાજ પર્યુષણ પર્વનુ રહેલું છે . પર્યુષણ પર્વમાં સતત આઠ દિવસ સુધી જૈન શ્રાવકો વિવિધ ઉપાશ્રયોમાં જઈને ભગવાન મહાવીર સ્વામીની આરાધના તપસ્યાની સાથે આચાર્ય ભગવંતોના વ્યાખ્યાન સાંભળે છે.

# ઝુંડાલ રાજા મેલડી પાન પાર્લરની બાજુમાંથી ૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૩

ઝુંડાલ ગામની સીમમાં રાજા મેલડી પાન પાર્લરની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ૭ શકુનીઓને અડાલજ પોલીસે બાતમીને પગલે દબોચી લીધા છે. પોલીસને જોઈ શકુનીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પરંતુ પોલીસે તમામ જુગારીઓને પકડી પાડી દાવ પરથી તેમજ અંગજડતી દરમિયાન મળી કુલ રૂ.૩૧,૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે અન્નપૂર્ણા સર્કલ પાસે આવતા પોલીસને બાતમી મળી હતી કે રાજા મેલડી પાન પાર્લરની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક વ્યકિતઓ જુગાર રમે છે.જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડી જુગાર રમતા કનુભાઈ ભરતભાઈ રાવળ ( રહે. રાજા મેલડી પાન પાર્લર ઉપર ઝુંડાલ ગામની સીમ), ત્રાગડ ગામે પગી વાસમાં રહેતા રાકેશ ઉર્ફે લાલો ધુળાજી ઠાકોર, ઝુંડાલ ગામના નવા ઘરો ખાતે રહેતા મહેશ ભીખાભાઈ પટેલ, રબારી વાસ ખાતે રહેતા રાજેશ રમેશજી ઠાકોર, જોગણી માતાના મંદિર પાસે રહેતા અશોકજી બચુજી ઠાકોર, પટેલવાસ ખાતે રહેતા ચિરાગ મોહન પશાભાઈ પટેલ, અને નાના ચોરા પાસે રહેતા નિતિન બાબુભાઈ પટેલને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૧,૨૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.